નવેમ્બર ૨૦૦૮

દાદા ભગવાન પરિવારનું

છૂટક પ્રતના રૂ. ૧૨

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

# હેપી બર્થ ડે દાદા


તંત્રી તથા સંપાદક :
ડીમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૩
સળંગ અંક : ૩
**નવેમ્બર ૨૦૦૮**



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
દાદા ભગવાન પરિવાર
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદઃ (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org



**Publisher, Owner & Printed by :**
**Dimplebhai Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printer/Press :**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦ ડોલર
યુ.કે. : ૭ પાઉન્ડ

પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૪૦ ડોલર
યુ.કે. : ૨૫ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## સંપાદકીય

જ્ઞાની પુરુષનો જન્મ પૃથ્વી પરના દરેક જીવ માટે પરમ ઉપકારી બની જાય છે.નવેમ્બર મહિનો એટલે આપણા સૌના વ્હાલા દાદાનો જન્મદિવસનો મહિનો. સાલ ૧૯૦૮ની ૭મી નવેમ્બરે દાદાનો જન્મ થયો હતો. નાનપણથી જ તેઓ પરોપકાર વૃત્તિના હતા. એમને ક્યારેય પોતાની પડેલી જ નહીં. કાયમ સામાના દુ:ખ કેમ દૂર થાય એના જ વિચાર એમને આવતા. એના જ પરિણામરૂપે એમને ૫૦ વર્ષની ઉંમરે આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્યાર બાદ તેઓએ હજારો લોકોને જ્ઞાન આપી આત્મામાં રાચતા કરી દીધા. આમ લોકોને મોક્ષના રસ્તે ચડાવી કાયમની મુક્તિના પણ પરમ નિમિત્ત બન્યા.

તો ચાલો, આપણે પણ દાદાને યાદ કરી એમનો જન્મદિવસ હર્ષોલ્લાસથી ઉજવીએ.

ડીમ્પલ મહેતા

## અનુક્રમણિકા


૧. આપણા દાદા મહાન ૧
૨. ચાલો રમીએ ૬
૩. દાદા જન્મ દિવસે શું કરતા હતા? ૮
૪. આ તો નવી જ વાત! ૯
૫. મીઠી યાદેં ૧૧
૬. દિવાળીનું મહત્વ ૧૩



# આપણા દાદા મહાન

## ચાલો જાણીએ દાદા વિશે...

૧. પૂરું નામ : અંબાલાલ મૂળજીભાઇ પટેલ
૨. પિતાનું નામ : મૂળજીભાઇ
૩. માતાનું નામ : ઝવેરબા
૪. જન્મ તારીખ : નવેમ્બર ૭, ૧૯૦૮
૫. જન્મ સ્થળ : તરસાળી, ગુજરાત
૬. મોટાભાઈનું  નામ : મણિભાઇ
૭. ભાભીનું નામ : દીવાળીબા
૮. પત્નીનું નામ : હીરાબા
૯. ભાવતી વાનગી : મઠિયા
૧૦. સ્કૂલનું ભણતર : મેટ્રિક ફેઇલ
૧૧.જ્ઞાનનું ભણતરઃ આખા બ્રહ્માંડનું તત્વનું જ્ઞાન
૧૨. ધંધો : કોન્ટ્રાક્ટર
૧૩. આત્મજ્ઞાન થયું હતું તે જગ્યાનું નામ : સુરત રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર : ૩
૧૪. આત્મજ્ઞાન પ્રાપ્તિ વર્ષઃ જૂન, ૧૯૫૮
૧૫. તે સમયની ઉંમર : ૫૦ વર્ષ
૧૬. દેહવિલય : ૨ જી જાન્યુઆરી, ૧૯૮૮
૧૭. દેહવિલય સ્થળ : વડોદરા
૧૮. સમાધિ સ્થળ : કેલનપુર



દાદા નાના હતા ત્યારથી જ એમની વયના બીજા બાળકોથી તદ્દન અલગ તરી આવતા. બાળપણના દરેક પ્રસંગોમાં એમનું વિચારવાનું, એમની દૃષ્ટિ, એમની સમજણ અસાધારણ હતી. દરેક પ્રસંગમાંથી તારણ કાઢવાની એમની આગવી સૂઝ હતી.

આજે આપણે દાદાના બાળપણનાં, એમના જ મોઢેથી નીકળેલા થોડા પ્રસંગો અને તારણો જોઇશું, જેમાંથી આપણને ખ્યાલ આવશે કે જ્ઞાનીઓ બાળપણથી જ અસામાન્ય હોય છે.

## વિચાર સ્ફૂર્યો, અસામાન્ય થવાનો

દાદા કહે છે...

મને તેરમા વર્ષે અસામાન્ય થવાનો વિચાર આવેલો. સામાન્ય એટલે શાકભાજી એવું મને લાગેલું. સામાન્ય માણસને જે તકલીફ પડે છે તે કોઇ તકલીફ, અસામાન્ય માણસને ના પડે. સામાન્ય માણસ કોઇને હેલ્પ ના કરી શકે. જ્યારે અસામાન્ય માણસ બીજાની મદદને  માટે જ હોય. તેથી જ તેને જગત સ્વીકાર કરે.

પ્રશ્નકર્તા : અસામાન્ય માણસની વ્યાખ્યા શું ?

દાદાશ્રી : અસામાન્ય એટલે પોતે જગતના બધા લોકોને, દરેક જીવમાત્રને હેલ્પફૂલ થઇ પડે. પોતે સ્વતંત્ર થાય, પ્રકૃતિથી પર થાય ત્યારે અસામાન્ય થાય.

નાનપણથી જ અંબાલાલ મિલનસાર સ્વભાવના હતા અને ઓબ્લાઈજિંગ નેચર ધરાવતા. માતાનો ઓબ્લાઈજિંગ નેચર અને ખાનદાનીનો ગુણ નાનપણથી જ અંબાલાલના વર્તનમાં ઉતરી આવેલો જોવા મળતો. કોઈને માટે પણ વસ્તુઓ લાવવા-મૂકવાનું કામ હોય તો તેઓ રાજીખુશીથી કરતા.








ચાર ફર્લાંગ દૂર બજાર છે. એટલું ચાલીને જાઉં અને ફક્ત આટલું જ લાવવાનું હોય તો લાવને, પાડોશીઓનું શાક પણ હું સાથે સાથે લાવી આવું, તો એમને જવું ના પડે ને એમનું પણ કામ થઈ જાય !








સૌનાં કામ કરી આપવામાં અંબાલાલને ખૂબ આનંદ આવતો. "જે મને ભેગો થાય તેને મારા તરફથી કંઈ પણ સુખ મળવું જોઈએ. નહીં તો મારું એને મળેલું શું કામનું ?" એવો એમનો પહેલેથી નિયમ હતો. નાનપણથી જ બીજાને સુખ આપવાની એમની ભાવના રહેતી.

વધુ વાંચો પુસ્તક દાદા ભગવાન ભાગ-૧

## બીજાને સુખ આપવાની ભાવના નાનપણથી જ

પ્રશ્નકર્તા : દાદા, ઝવેરબાના સંસ્કાર સીંચને આપનામાં કેવા ગુણોનો આવિર્ભાવ થયો?

દાદાશ્રી : એટલે હું નાનપણથી જ શીખેલો કે 'ભઇ, તું મને મળ્યો છે ને જો તને કંઇ પણ સુખ ના થાય તો તને મારું મળેલું ખોટું છે', એવું હું એને કહેતો હતો. એ ગમે એટલો નાલાયક હોય, તે મારે જોવાનું નથી પણ હું તને ભેગો થયો અને જો કદી મારા તરફની સુગંધી ના આવી તે કેમ ચાલે ? આ અગરબત્તી નાલાયકોને સુગંધી આપે કે ના આપે ? એટલે કંઈક લાભ થવો જ જોઈએ, એવો મારો પહેલેથી નિયમ હતો.

## ખાનદાની હતી પહેલેથી જ

નાનપણમાં હું અને મારો મિત્ર સર્કસ જોવા ગયેલા. ત્યાં લોટરીની ચાર-ચાર આનાની બે ટીકીટો લીધેલી. તેમાં ઇનામમાં મારો જ નંબર પહેલો બોલાયો. તે ઇનામમાં સાડી એકવીસ રૂ.ની જાપાનની સાઇકલ હતી. પછી બહાર નીકળ્યા પછી મિત્રે મને કહ્યું કે મારા મામાના છોકરાને સાઇકલ આપવી છે તો આવી છે તે નવી ના લેવી પડે. તે મેં કહ્યું કે આપી દો. પેલાનું ચિત્ત સાઇકલમાં ને સાઇકલમાં જ હતું પણ અમારી ખાનદાની નાનપણથી જ.  કેટલાંકને સ્વભાવ અવળો પડી ગયેલો હોય, તે પૈસામાં જાગૃતિ રહ્યા કરે કે પૈસો વપરાઇ જશે તો શું થશે ? એટલે આ સ્વભાવ તોડવા પૈસા છૂટથી વાપરવા માંડો. છેવટે જો મરી જવાનું ના હોય તો આપણે બધું માંગીએ પણ મરવાનું છે ત્યાં માંગવાનું શું ?

## અપરિગ્રહ, બાળપણથી જ

નાનપણમાં  અમે ખેતરાંમાં જતાં હતાં. કોઠાં-બોરાં-કેરીઓ-વરીયાળી લાવતા. બધા ઘેર પોટલીઓ બાંધી લાવતા, પણ હું ક્યારેય કશુંય ઘેર ન્હોતો લાવતો. ત્યાં જ ખાતો પણ ઘેર નહીં લાવવાનું. એ જુવારના પોંકનું દળીને ઘી નાખીને પોંકીયું બનાવે છે, તે બધા આટલું બંધાવે પણ હું હાથમાં ઝાલું નહીં કશું. ત્યાં ખઉં એટલું જ, જ્યારે બધા ભાઈબંધો લઈને જાય. બધા લાલચુ લોકો. હું કોણ, મારાથી લેવાતું હશે આવું ? પોંક ખાવા બોલાવે છે તો પોંક ખાઈને જતા રહેવાનું. ભલે અહંકાર હતો પણ એવો ગાંડો અહંકાર ન હતો.

## જીવમાત્ર પ્રત્યે અનુકંપા

અમારે રાત્રે બહારથી આવવાનું થાય તો અમારા બૂટના અવાજથી કૂતરું જાગી ના જાય એટલે અમે સાચવીને ચાલીએ. એ કૂતરાંનેય ઊંઘ તો હોય ને ! એમને બિચારાંને પથારી-બથારી તો,

રામ તારી માયા ! તો શું એમને શાંતિથી સૂવા પણ ના દેવાય ? એટલે અમે શેરીમાં પેસીએ ત્યારે બૂટ હાથમાં લઈને ચાલીએ. ''અમારા નાનપણથી આટલા ગુણો ખરાં જ. સરળતા, નિર્લોભતા, નિષ્કપટીપણું એ બધાં ગુણો હતા. ચારિત્ર પણ સારું.''

## ના, એવો મોક્ષ ના ખપે

એક મહારાજ ભગવા લૂગડાંવાળા હતા. એમની સેવા માટે સ્કૂલમાંથી જઈ પગ દબાવતો'તો. મને કહે છે, 'અંબાલાલ, ભગવાન તને મોક્ષે લઈ જશે.' એટલે મેં તેર વર્ષે મહારાજને કહી દીધું કે 'બાપજી, મારે ભગવાન લઈ જાય એ જોઈતું નથી. કારણ કે મને તે દહાડેથી જ સમજાઇ ગયેલું કે ભગવાન મોક્ષે લઇ જાય અને આપણને અહીં મોક્ષમાં આ જગ્યાએ બેસાડ્યા, સારી જગ્યા હોય, ફર્સ્ટ કલાસ જગ્યા હોય, પછી એમના બીજા ઓળખાણવાળા આવે ત્યારે આપણને કહેશે, 'ઊઠ'. મારે આવો મોક્ષ ના જોઈએ.

એટલે તેર વર્ષની ઉંમરે આ સ્વતંત્રતા જાગેલી. ઉપર કોઈ બાપો હોય તો એવો મોક્ષ આપણે જોઈતો નથી. અને જો ના હોય તો આપણે એ જ જોઈએ છે કે મારે કોઈ ઉપરી નહીં અને અંડરહેન્ડ પણ જોઈતો નથી.

એટલે આ તે દહાડેથી મને સમજાઈ ગયેલું. આપણે અહીં બેસાડે, પછી ઊઠવાનું કહે એ મોક્ષ કેમ કહેવાય ? ધેર ઇઝ નો અન્ડરહેન્ડ, નો બોસ. સાદી વાત છે ને ? સમજાય એવી છે ને? નો અન્ડરહેન્ડ, નો બોસ. મોક્ષ એટલે મુક્તભાવ. કોઈ ઉપરી નહીં. અને એવું જ છે. હું જાતે જોઈને કહું છું. અત્યારે અહીં રહીને દેખી શકું છું. આ ચક્ષુથી નહીં, પણ બીજા (અંતર) ચક્ષુથી જોઇ શકું છું.

''મને તો નાનપણથી જ એક ચીજ એક ફેરો કડવી લાગી હોય તો તે ક્યારેય ભૂલાય જ નહીં. તે આ આખોય સંસાર નિરંતર કડવો લાગે છે.''

''અમે નાનપણથી જ, ત્રણ વર્ષનો હતો ત્યારથી જ અપમાન જોયેલું જ નહીં. પણ નાનપણથી લોકોના અનુભવનો મને લાભ થાય. કશું હિતકારી હું ભૂલ્યો જ નથી...'' એટલે ઠોકરો ખઈ ખઈને આ જ્ઞાન ઊભું થયું છે, સૂઝ ઊભી થઇ છે. જ્યારે ઠોકર વાગી કે સૂઝ ઊભી થઇ જાય. અને એ સૂઝ મને કાયમ હેલ્પિંગ જ રહે.

''તમે લોકોનું શીખીને કરો. હું લોકોનું શીખ્યો નથી. હું પહેલેથી લોક(માન્યતાઓથી) વિરૂદ્ધ ચાલેલો. લોકોએ જેમાં સુખ માનેલું, મને સુખ એમાં દેખાયેલું નહીં.'' - દાદાશ્રી

# ચાલો રમીએ

## નીચે આપેલા ચિત્રોમાંથી બે સરખા દાદા શોધો.

(૧)



(૨)



(૩)



(૪)



(૫)



(૬)



(૭)



(૮)



(૯)



(૧૦)



(૧૧)



(૧૨)



(૧૩)



(૧૪)



(૧૫)



## નીચે આપેલા શબ્દોમાંથી કયા શબ્દો જીવનમાં અપનાવવાથી દાદા આપણાથી રાજી થાય? એ શબ્દોને નીચે આપેલા ગોળાકારમાં ગોઠવો.

**ક્રોધ, સરળતા, અભિમાન, વિનય, ઈર્ષા, કોઈને દુઃખ ન આપવું, રિસાવું, મશ્કરી કરવી, પરોપકાર, માનવધર્મ, નેગેટિવ વિચારવું, પોઝિટિવ રહેવું, વડીલોની સેવા કરવી, ચોરી કરવી, જૂઠું બોલવું, બીજાને સુખ આપવું, હિંસા કરવી, સંસ્કારશિબિરમાં જવું, પોતાની ભૂલની માફી માંગવી, કોઈને છેતરવું, એડજસ્ટ એવરીવ્હેર, સ્વાર્થી બનવું.**



# દાદા જન્મ દિવસે શું કરતા ?

બાળમિત્રો, આપણે દર વર્ષે દાદાનો જન્મ દિવસ ખૂબ જ ભક્તિથી ઉજવીએ છીએ. પણ તમને ખબર છે, દાદા એમના જન્મ દિવસે શું કરતા? દાદા એ દિવસે સવારે ૪ વાગે ઉઠી જતા. વહેલા વહેલા તૈયાર થઈ જતા. એ દિવસે દાદા કાયમ નવુંનકોર ધોતિયું જ પહેરતા અને કાળી ટોપી પણ નવી જ પહેરતાં. પછી મહાત્માઓ સાથે બેસી વિધિઓ કરતા. ત્યાર બાદ દાદા જે ઘરે ઉતર્યા હોય એ ઘરના લોકો દાદાની પૂજા અને આરતી કરતા.





ત્યાર બાદ શોભાયાત્રા નીકળતી. મહાત્માઓ શોભાયાત્રામાં ખૂબ નાચતા. નાચવાથી પોતાની પ્રકૃતિ સહજ થાય. એટીકેટ નીકળી જાય. આનંદમાં ને આનંદમાં દિલ દાદામાં ચોંટી જાય. શોભાયાત્રા લગભગ બે કલાક ચાલતી. ત્યાર બાદ હોલ પર પહોંચી દાદાના દર્શન રહેતા. બપોરે દાદા તરફથી બધાને જમવાનું રહેતું. જમવામાં મહાત્માઓ માટે દાદાને ભાવતી વાનગીઓ દૂધપાક અને માલપૂઆ બનતા. તે દિવસે દાદાનું વાતચીતનું કે ખાવા-પીવાનું ખૂબ મર્યાદિત રહેતું. બપોરે દાદા આરામ કરતા. સાંજે ફરી સત્સંગ કરતા.



દાદા ખાસ કહેતા કે આ દિવસના અમારા દર્શનનું ખૂબ મહત્ત્વ છે. આ દિવસે તમને સંપૂર્ણ કેવળજ્ઞાની વીતરાગી પરમાત્માના જ દર્શન થાય. માટે આ દર્શન કોઈ ચૂકશો નહીં.



# આ તો નવી જ વાત!



જન્મજયંતીના દિવસે દાદા કેવળજ્ઞાન સ્વરૂપે જ હોય.



મહાત્માઓ કહેતા - એ દિવસના દાદાનાં દર્શન અલૌકિક જ હોય છે. દરેક મહાત્મા જોડે દૃષ્ટિથી દૃષ્ટિ મેળવી દર્શન દેતા.



અને એક-એક જણને અંગૂઠે માથું અડાડી દર્શન કરવા દેતા, ૭૯ વર્ષની ઉંમરે પણ.



એ દિવસે જે શક્તિઓ માંગીએ એ અચૂક મળે, એ દાદાનું વરદાન છે.



હલ્લો ફ્રેન્ડસ...

# મીઠીં યાદેં

આ મહિનામાં દાદાની જન્મજયંતી ઉજવાઈ રહી છે. આ પ્રસંગે મને ખૂબ સરસ વાત તમને કહેવાનું મન થાય છે. મને યાદ છે, જન્મદિવસે દાદાની ખૂબ સુંદર શોભાયાત્રા નીકળતી. દાદા પહેલેથી શોભાયાત્રાનો નક્કી કરેલો રસ્તો જાણી રાખતાં.



જન્મ દિવસની આગલી રાત્રે તેઓ આખી રાત જાગીને તે રસ્તા પરની એકે એક વ્યક્તિના શુદ્ધાત્મા માટે વિધિ કરતા કે શોભાયાત્રા જુએ ત્યારે તેમનાથી ભૂલથી જ્ઞાનીની કે જ્ઞાનની વિરાધના ન થઈ જાય. વિરાધના એટલે જાણો છો ને ? વિરાધના એટલે મશ્કરી કરવી અથવા તો કોઈનું ઊંધું ન વિચારાય કે ન બોલાય. નહીં તો એનો અવતાર બગડે. દાદા દરેકને માટે રક્ષણ મૂકતા. જો એમને એવું લાગે કે અહીંયા વ્યક્તિને ઊંધું પડવાના ચાન્સીસ છે તો ત્યાં એના શુદ્ધાત્મા પાસે પ્રતિક્રમણ કરીને એના મનનું સમાધાન થાય એટલું ચોખ્ખું કરી દેતા. ઓહો ! કેટલી કરુણા હતી દાદાને !



બીજે દિવસે જ્યારે શોભાયાત્રા નીકળતી ત્યારે બગીમાં બેઠા બેઠા તેઓ રસ્તા પરની, આજુબાજુના મકાનોમાંથી જોતી એક-એક વ્યક્તિના શુદ્ધાત્માનાં દર્શન કરતા અને દરેકને દૃષ્ટિથી દર્શન આપતા. તેઓ કાયમ કહેતા કે જે અમારી પૂંઠના પણ દર્શન કરશે એનું ય કલ્યાણ થઈ જશે. અને આ જ તો કારણ હતું. એમનું શોભાયાત્રા કાઢવા પાછળનું!

અહીં નીરુમાને પણ કેવી રીતે ભૂલાય ? દાદાને શું શું જોઈશે એ બધું નીરુમા તૈયાર રાખતા. દાદા માંગે એ પહેલાં નીરુમા દાદાને એ ધરી દેતા.


એક ખૂબ હૃદયસ્પર્શી પ્રસંગ યાદ આવે છે, જન્મદિને મહાત્માઓ દાદાને ફૂલોનો ખૂબ જાડો હાર પહેરાવતા. હવે ખૂબ જાડો અને લાંબો હાર પહેરીએ તો વજન તો લાગે ને? દાદાના ખભા પર આ હારનું વજન ન આવે અને મહાત્માઓનું દિલ પણ ન દુભાય એ રીતે નીરુમા બગીમાં ચડી, દાદાનો હાર થોડો પાછળ કરી, બગી સાથે એવી રીતે બાંધી દેતા કે હારનું વજન દાદા પર ન આવે અને દાદાએ હાર પહેરેલો જ છે એવું લાગે ! નીરુમાની દાદા માટેની અનન્ય ભક્તિ અને મહાત્માઓ માટેના ભાવને પણ ધન્ય છે !

બાળમિત્રો, દાદાની કરુણા અને નીરુમાની ભક્તિ ભૂલ્યા ભૂલાય એવા નથી. આજે પણ એ પ્રસંગો યાદ આવે છે ને મારી આંખો ભીની થઈ જાય છે.


ચાલો, આપણે પણ દાદાના જન્મજયંતી મહોત્સવમાં જોડાઈ જઈએ અને મળીશું આવતા મહિને જન્મજયતી મહોત્સવની મીઠી યાદો સાથે.



# દિવાળીનું મહત્વ



જાણો છો? દિવાળી આપણે કેમ ઊજવીએ છીએ? એ દિવસે ભગવાન મહાવીર મોક્ષે પધાર્યા હતા. જ્યારે કોઈ પણ જીવ મોક્ષે જાય ત્યારે આકાશવાણી થાય, દેવ દૂદૂંભિઓ વાગે જેથી બધાને જાણ થાય કે આ જીવ મોક્ષે ગયો. જ્યારે આ તો તીર્થંકર ભગવાન. એમની મોક્ષે પધાર્યાની આકાશવાણી સાંભળીને બધા દેવ-દેવીઓ હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યા. ફૂલોની વર્ષા કરીને અને દીપમાળા પ્રગટાવીને એમણે ભગવાનના નિર્વાણની ઉજવણી કરી. તેથી આપણે પણ દિવાળીના દિવસે દીપમાળા પ્રગટાવીએ છીએ.



ભગવાનના મોક્ષે પધાર્યાના સમાચાર સાંભળી એમના પ્રથમ ગણધર ગૌતમ સ્વામી, જે ત્યાં હાજર ન હતા, એમને ખૂબ આઘાત લાગ્યો. એ ઘડીએ વિચારોના મંથનને અંતે એમને ભગવાનની વીતરાગતાનાં દર્શન થયા. બસ! એ જ ઘડીએ એમને કેવળજ્ઞાન પ્રગટ થયું.

તો આવો, આ દિવાળીએ આપણે પણ આ પ્રસંગોને યાદ કરી આપણને પણ કેવળજ્ઞાન પ્રગટ થાય અને અંતે મોક્ષે જઈએ એવી ભાવના કરીએ.

## મારી સમજણ

૧) તમારી કલ્પનાના દાદા

૨) એક જ વાક્યમાં જવાબ આપો.

જો હું દાદા વખતે હોત તો હું...

૩) દાદાને તમારા ભાવો દર્શાવતો પત્ર લખો.

આપના જવાબો અમને આ મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપશો. તમારા અનુભવો, તમારી બનાવેલી કવિતાઓ, વાર્તાઓ, ચિત્રો અમને નીચેના સરનામે અથવા ઈ મેઈલ પર મોકલી શકો છો. એમાંથી જે સારા લાગશે એને અમે આ મેગેઝિનના આવતા અંકોમાં ચોક્કસ પ્રકાશિત કરીશું. એમાં તમારું નામ, સરનામું અને ઉંમર લખવાનું ભૂલતા નહીં.

અક્રમ એક્સપ્રેસ,બાળવિજ્ઞાન વિભાગ,દાદા ભગવાન પરિવાર, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી ,અમદાવાદ કલોલ હાઈવે, અડાલજ, જી.ગાંધીનગર - ૩૮૨૪૨૧
email:aex@dadabhagwan.org




ચંગુ: આ બધા લોકો કેમ દોડે છે?
મંગુ: આ હરીફાઈ છે. એમાં જીતનારને કપ મળશે.
ચંગુ: જો ફક્ત જીતનારને જ કપ મળવાનો હોય તો બધા જ લોકો કેમ દોડે છે?

અક્રમ એક્સપ્રેસ
નવેમ્બર ૨૦૦૮
વર્ષ : ૧, અંક : ૩
સળંગ અંક : ૩



Reg. under R.N.I. No. for Applied
Reg. no. GAMC - 1690
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month


**બાળમિત્રો,**

**નવા વર્ષ નિમિત્તે આપના સુંદર સ્વાસ્થ્ય, ઉજ્જવળ કારકિર્દી તથા અધ્યાત્મ પ્રગતિ માટે અમારા સૌની હાર્દિક શુભકામનાઓ...**

**આવો, આ નવા વર્ષમાં આપણે સૌ નિશ્ચય કરીએ કે આપણે પોતાના સ્વાર્થ  ખાતર ક્યારેય કોઈને દુઃખ નહીં આપીએ અને  બધાની સાથે પ્રેમથી રહીશું.**

# હેપી દિવાલી અને નૂતન વર્ષાભિનંદન.


## જન્મજયંતી નિમિત્તે બાળવિજ્ઞાનની નવી ભેટ



**બાળકો માટેના ભક્તિ પદોની વી.સી.ડી. ભાગ - ૨**




**ટુ ઈન વન ગેમ**




**દાદાની સચિત્ર જીવનકથા ભાગ - ૧**

## બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ




**પુસ્તકો**

**વેબસાઈટ**




**બાળકો માટેના ભક્તિ પદોની વી.સી.ડી. ભાગ - ૧**



માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.